Yugprabhav (Vadodara) (RGL) 22 October 2021 Pg.02

# રેનેસેંસ ગ્લોબલે બીજા ત્રિમાસીકમાં D2Cની આવકમાં ૧૨૯ ટકાની વૃદ્ધિ નોંધાવી

વડોદરા, તા.૨૨

એકીકૃત ગ્લોબલ જ્વેલરી કંપનીરેનેસેંસ ગ્લોબલ લિમિટેડે જણાવ્યું કે તેના ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર (D2C) બિઝનેસે નાણાકીય વર્ષ ૨૨ના બીજા ત્રિમાસિક દરમિયાન રૂ. ૨૦.૪ કરોડની આવક નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૧ના બીજા ત્રિમાસિકના રૂ. ૮.૯ કરોડની આવકની સરખામણીમાં ૧૨૯%ની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીએ આ અગ્રણી સ્ટોક એક્સચેંજ બીએસઇ ફિલિંગમાં જણાવ્યું હતુ.

રેનેસેંસ ગ્લોબલ નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયામાં મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે, જે લાયસન્સ બ્રાન્ડેડ જ્વેલરીની ડિઝાઇનીંગ, મેન્યુફેક્ચરીંગ અને વિતરણ પર કેન્દ્રિત છે. આ સાથે નાણાકીય વર્ષ ૨૨માં કંપની Disney Jewels માટે વેબસાઇટ લોન્ચ કરવા સાથે તેના ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યૂમર બિઝનેસને મજબૂત બનાવવાની યોજના ધરાવે છે, તેમ કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતુ.

અમારું લક્ષ્ય લાયસન્સવાળી અને પોતાની બ્રાન્ડસની મૂલ્યવાન કલગી સાથે ઓમ્ની-ચેનલ પ્લેયર બનીને મૂલ્ય બનાવવાનું છે, - કંપનીએ જણાવ્યું

અમારા બ્રાન્ડેડ બિઝનેસ છત્ર હેઠળ અમે Disney અને Hallmark જેવી લોકપ્રિય કન્ઝ્યુમર બ્રાન્ડ્સના વિશિષ્ટ લાઇસન્સ ધરાવીએ છીએ. - તેણે જણાવ્યું.

કંપની પાસે બ્રાન્ડ્સનો વધતો જતો પોર્ટફોલિયો છે,જેમાં ૨૦૧૫થી હોલમાર્ક સાથે તેની ભાગીદારી અને ૨૦૧૬થી ડિઝની સાથે લાયસન્સની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. નવેમ્બર ૨૦૨૦માં Star Wars કલેક્શનની શરૂઆત સાથે Lucas film સાથે તેનો લાયસન્સિંગ કરાર પણ હતો.

રેનેસેંસ ગ્લોબલ the UK, Hong Kong, Dubai અને Mumbaiમાં ૧૫૦થી વધુની ડિઝાઇન ટીમ સાથે મજબૂત ઉત્પાદન વિકાસ અને નવીન ડિઝાઇન ક્ષમતા ધરાવે છે.

અમે બિઝનેસ-ટુ-બિઝનેસ (D2C) અને ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર (D2C) ચેનલ્સના મિશ્રણના માધ્યમથી અમારી જ્વેલરીનું વિતરણ કરીએ છીએ. અમારું ઇરઇ ડિવિઝન છેલ્લા ૨૦ વર્ષથી કેટલાક મોટા વૈશ્વિક રિટેલરોને જ્વેલરી સપ્લાય કરી રહ્યું છે. તેણે જણાવ્યું, કંપનીનો (D2C) બિઝનેસ હાલમાં છ ડીટુસી વેબસાઇટના માધ્યમથી ચલાવવામાં આવે છે, જે સીધા રિટેલ કન્ઝ્યુમરને લાયસન્સ પ્રાપ્ત અને પોતાની બ્રાન્ડસનું વેચાણ કરે છે.